**Capital World (Gujarati) Pg 11, 23rd Aug 2022**

# વૈશ્વિક નકારાત્મક પરિબળોને લીધે ક્રિપ્ટોકરન્સી બજારમાં ઘટાડો

**કેપિટલ સંવાદદાતા તા.૨૨**

વિવિધ વૈશ્વિક પરિબળોને લીધે ક્રિપ્ટોકરન્સી બજારમાં ઘટાડો થયો હતો. અગાઉ બિટકોઈન અને અલ્ટકોઈનમાં ઘટાડો હતો પરંતુ સાપ્તાહિક ધોરણે તેઓ ગ્રીન ઝોનમાં હતા. પરંતુ દરેક બ્લુ ચીપ કરન્સી સાપ્તાહિક ધોરણે પણ ઘટી છે.

## » ભારતીય ૩.૦ વર્સનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ૧.૩૬ ટકાનો ઘટાડો

અમેરિકામાં ફેડરલ રિઝર્વ વ્યાજ દરમાં વધારો કરશે એની ચિંતા છે. બીજી બાજુ યુરોપમાં ફરી ઊર્જા કટોકટી સર્જાવાની ચિંતા છે કારણ કે રશિયા આ મહિનાના છેલ્લા ત્રણ દિવસ ગેસની સપ્લાય કરવાની નથી. રશિયાએ આ માટે પાઈપલાઈનમાં મેઈનટેનન્સ કામકાજનું કારણ ધર્યુ છે. તેથી યુરોપિયન યુનિયનમાં ક્રિપ્ટો માઈનિંગ કામકાજ ઉપર અસર પડવાની ચિંતા છે.

જ્યારે૩.૦ વર્સનો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫સોમવારે સાંજેઆઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૧.૩૬ ટકા (૪૦૭ પોઈન્ટ્સ) ઘટીને૩૦.૭૭૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.



**ક્રિપ્ટો કરન્સીના ભાવ**

| ક્રિપ્ટો કરન્સી | ભાવ (ડોલરમાં) | ભાવ રૂપિયામાં | છેલ્લા ૨૪ કલાકમાં વધ-ઘટ ટકામાં | છેલ્લા અઠવાડિયામાં વધ-ઘટટકામાં |
|---|---|---|---|---|
| બિટકોઇન (BTC) | ૨૧,૩૩૧.૬૪ | ૧,૭૦૩,૭૪૬.૬૮ | -૦.૩૯ | -૧૧.૨૧ |
| ઈથેરિયમ (ETH) | ૧,૫૬૯.૯૬ | ૧૨૫,૫૦૬.૩૩ | -૨.૬૦ | -૧૭.૭૭ |
| બિનાસ કોઇન (BNB) | ૨૯૬.૮૭ | ૨૩,૬૫૦.૪૩ | ૦.૦૭ | -૬.૩૮ |
| XRP | ૦.૩૪ | ૨૬.૮૪ | -૨.૨૪ | -૮.૮૭ |
| ડોજીકોઇન | ૦.૦૬૬૭ | ૫.૩૫ | -૩.૧૫ | -૧૨.૬૧ |
| લાઇટ કોઇન (LTC) | ૫૫.૧૨ | ૪,૪૦૫.૮૨ | ૦.૨૦ | -૧૦.૨૧ |